ગાંધીનગર સમાચાર
તા. ૩૧-૧-૨૦૧૪, શુક્રવાર

## તંત્રી સ્થાનેથી....

### વીઆઇપી સવલતો હવે, ઘટાડવી જોઇએ...

અણ્ણા હજારે અને એમના માનસપુત્ર સમા અરવિંદ કેજરીવાલ દ્વારા જન લોકપાલ બિલ માટેનું જે રાષ્ટ્ર વ્યાપી અસરો ધરાવતું આંદોલન ચાલ્યું ત્યારથી લોક માનસમાં સૌથી અળખામણો શબ્દ બનવાનું દુર્ભાગ્ય 'વીઆઈપી' શબ્દ ધરાવે છે. 'વીઆઈપી' ભલે અંગ્રેજી શબ્દ સમૂહ વૅરી ઈમ્પોર્ટન્ટ પર્સનના મિતાક્ષરી સ્વરૂપે આપણને ઉપલબ્ધ થયો હોય પણ હવે દેશનો અભણ અને ગરીબી રેખા નીચે જીવતો માણસ પણ એનો અર્થ બરાબર સમજી શકે છે. શબ્દ કોશમાં 'વીઆઈપી'ની લગોલગ 'કૉમન મેન' શબ્દનો પણ સમાવેશ થવો જોઈએ. ભાષા નિષ્ણાતો ભલે ન સ્વીકારે પણ આ 'કૉમન મેન' શબ્દ લોક માનસમાં 'વીઆઈપી'નો વિરુદ્ધાર્થી શબ્દ બનીને ટંકાઈ ગયો છે. ગાંધી પોતાને છેવાડાના માનવીની સ્થિતિમાં મૂકીને જીવ્યા. એમણે સરખાં લૂગડાં પહેરવાની પણ પરવા ન કરી. લંગોટીભેર રહેવા પાછળ એમનો સ્પષ્ટ ઉદ્દેશ હતોઃ જે દેશની પ્રજા મને એનો પ્રવકતા (બલકે તારણહાર) સમજતી હોય એના સૌથી ગરીબ- અકિંચન માનવીને મળતી સગવડથી વધારે કંઈ જ ભોગવવાનો મને અધિકાર ન હોવો જોઈએ. ગાંધી ટોપી તરીકે પ્રચલિત થયેલી કોંગ્રેસની ઓળખ સમી ટોપી પણ એમણે ન પહેરી, તે જ શું સૂચક નહોતું? લાજ ઢાંકવા પૂરતી ખાદીની ટૂંકા પનાની ધોતી અને ટાઢ-તડકા સામે રક્ષણ પૂરતી પછેડી. એથી વધુ કંઈ જ નહીં. એમણે દેશના ખૂણેખૂણાનો પ્રવાસ કર્યો તે પણ રેલવેના ત્રીજા વર્ગના મુસાફર તરીકે. એ જુદી વાત છે કે તત્કાલીન બ્રિટિશ સરકારનું રેલવે તંત્ર ગાંધીજીને જુદી ભાતના વીઆઈપી ગણીને ત્રીજા વર્ગનો આખેઆખો કોચ રિઝર્વ કરી આપતું હતું. આજે તો ભાગ્યે જ કોઈ નેતા ટ્રેનમાં મુસાફરી કરવાનું પસંદ કરતો હશે. ફલાઈટ ફપલબ્ધ હોય ત્યાં સુધી એ હવાઈ મુસાફરીનો વિકલ્પ જ પસંદ કરે છે. વીઆઈપીથી એક પગથિયું ઉપર ચડતાં 'વીવીઆઈપી' કૅડર આવે છે. આવા મહાનુભાવો તો પૅસેન્જરો માટેની કૉમનર્શિયલ ફલાઈટમાં મુસાફરી કરવામાં પણ ભોંઠપ અનુભવે છે. એમના માટે પાર્ટીની કે સરકારની માલિકીનાં અથવા માનીતાં ઉદ્યોગ ગૃહોનાં ચાર્ટર વિમાનો તૈયાર જ હોય છે. દેશની આર્થિક સ્થિતિ જો નેતાઓની જીવનશૈલી પરથી માપવામાં આવે તો આજની તારીખમાં ભારત કહેતાં ઈન્ડિયા વિશ્વનાં સૌથી સમૃદ્ધ રાષ્ટ્રોની પંગતમાં ગણાવું જોઈએ. બલકે એવાં રાષ્ટ્રોના નેતાઓ તો કયારેક સામાન્ય મુસાફરની જેમ કૉમનર્શિયલ ફલાઈટની ટિકિટ કે બોર્ડિંગ પાસ કઢાવવા જાતે જ કતારમાં ઊભા રહે છે અને પોતાની કાર જાતે જ હંકારી જાય છે. આ પ્રકારની સરળતા અને નિર્દંભતા યુરોપ- અમેરિકા- કૅનેડા અને ઑસ્ટ્રેલિયા જેવાં સંપન્ન રાષ્ટ્રોના નેતાઓમાં જોવા મળે છે. પરંતુ પાંસઠ છાસઠ વર્ષથી સ્વતંત્ર થયેલા અને ગરીબી સામે ઝઝૂમતા ભારતના નેતાઓની તાસીર કંઈ જુદી જ છે. લાલબહાદુર શાસ્ત્રી, ઉછરંગરાય ઢેબર કે ડૉ. જીવરાજ મહેતા અને બાબુભાઈ જશભાઈ પટેલ જેવા આંગળીના વેઢે ગણી શકાય એટલા નેતાઓનો અપવાદ બાદ કરતાં આપણા દેશનો સામાન્ય સરપંચ કે જિલ્લા પંચાયતનો સભ્ય પણ પોતાના વાહન પર લાલ લાઈટની માગણી કરતો ફરે છે. સરકારી લાભો મેળવવા માટે આપણા અદના ઉઘાડપગા કાર્યકરથી લઈ સંસદસભ્ય સુધીના આગેવાનોમાં હોડ જામેલી રહે છે. ધારાસભ્યો અને સંસદસભ્યો બાકીના મુદ્દાઓ પર પોતપોતાના પક્ષની લાઈન મુજબ સામસામા બાખડતા રહે છે પરંતુ જયારે એમના પેન્શનની, પગાર વધારાની કે સુવિધાઓની વાત આવે ત્યારે ડાહ્યાડમરા થઈ જઈ એકી અવાજે બિલ પસાર કરી દે છે. પ્રજાને તો મિડિયા ન હોય તો આવા સમાચાર પહોંચે જ નહીં. પોતે રાજકીય કાર્યકરો છે અને લોક સેવા માટે ભેખ ધારણ કર્યો છે એટલે આવી સગવડો મેળવવાના હકદાર છે, એવી સ્પષ્ટ સમજણ દરેક પાર્ટીના કાર્યકરોમાં સમાન રીતે પ્રવર્તે છે. ભાગ્યે જ થોડા સાંસદો કે એકાદ-બે ધારાસભ્યો- બાબુભાઈ જશભાઈ, ડૉ. વસંત પરીખ, રતુભાઈ અદાણી, ચૂડગર કે મહેન્દ્ર મશરૂ જેવા કોઈએ આ પેન્શન અને પ્લોટ મેળવવા બાબતે ઈનકાર કર્યો હશે. જ્યારે દેશ આખામાંથી વીઆઈપી કલ્ચર ખતમ કરવાની ઝુંબેશ ચાલી રહી છે ત્યારે ડાયરેકટર જનરલ- સિવિલ એવિએશન (ડીજીસીએ) દ્વારા ખાનગી ઍરલાઈન્સ કંપનીઓને એવો આદેશ અપાયો છે કે સાંસદોને ખાસ વીઆઈપી સુવિધાઓ આપો. કેન્દ્ર સરકાર હસ્તકના હવાઈ ઉડ્ડયન વિભાગે સાંસદોને વીઆઈપી લૉન્જમાં પ્રવેશ આપવાની તેમજ ઝડપથી સુરક્ષા જાંચ પતાવવાની તાકીદ કરી છે. ઉડ્ડયન દરમિયાન એમને મફત નાસ્તાપાણી અને ભોજન પૂરું પાડવાનું પણ સૂચન કરાયું છે. ટૂંકમાં, સાંસદોને આમ જનતા કરતાં વિશેષ સુવિધાઓ ખપે છે. એમની માગણી પાછળની દલીલ એવી છે કે તેઓ દેશ સેવાના કામમાં રોકાયેલા હોય છે, તેથી એમનો સમય વધારે કિંમતી છે. એમને પ્રોયોરિટીના ધોરણે 'બોર્ડિંગ'- વાયુયાન પ્રવેશ કરાવવો જોઈએ, એ મતલબની માગણી તો કદાચ સમજી શકાય એમ છે પરંતુ એમના માટે વીઆઈપી પ્રવેશ દ્વાર પણ ઉપલબ્ધ કરાવવાની સૂચના અપાઈ છે. અત્યાર સુધી આ સુવિધા ફકત રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ, વડાપ્રધાન, સેનાના વડાઓ, સુપ્રીમ કોર્ટના ન્યાયધીશો, કેન્દ્રીય મંત્રીઓ, રાજયપાલો અને મુખ્યમંત્રીઓ પૂરતી સીમિત હતી. સાંસદો પોતાને આ બધા મહાનુભાવોથી ઊતરતા ગણવા તૈયાર નથી. એમને ચૂંટાયેલા લોક પ્રતિનિધિ હોવાનું અભિમાન હોય તે સમજી શકાય, પરંતુ, પ્રજાના પ્રતિનિધિ થઈને પ્રજા કરતાં ઊંચા થઈ જવાનો લોભ કયારેક એમને જ ભારે પણ પડી શકે! પ્રજા હવે ઐવા મુદ્દે ઘણી સંવેદનશીલ બની ગઈ છે. દિલ્હીની વિધાનસભાની ચૂંટણીમાં આમ આદમીએ એની તાકાતનો પરચો બતાવી દીધો છે. 'વીઆઈપી' કલ્ચર સામે દેશ આખામાં ભારે સૂગ પ્રવર્તી રહી છે. પ્રજાનો નેતા પ્રજા જેવો જ લાગે તે જરૂરી છે.



લાઈટ્સ કેમેરા એક્શન દ્વારા ગઈ તા. ૧૮ ના રોજ આંબેડકર હોલ ખાતે પ્રથમ શોર્ટ ફિલ્મ સ્પર્ધા યોજવામાં આવી હતી. સ્પર્ધામાં રાજ્ય અને આંતર રાજ્યના કલાકારોએ પોતાની ફિલ્મ રજુ કરી હતી. જેમાં બેસ્ટ ફિલ્મ તરીકે **'BELIEVE'** બાજી મારી હતી. જેના કલાકારો વિનય જયસિંઘાની, મહીન ત્રિવેદી, દિપક અને દિપીકા શર્મા અને સુશીલ દશ્યમાન થાય છે. આ ફિલ્મને યુ-ટ્યુબ પર પણ જોઈ શકાશે.

## ખેલ મહાકુંભમાં સી.એમ. હાઈસ્કૂલના ખેલાડીઓને રૂપિયા ૭૦,૦૦૦ના પુરસ્કાર

ગત ડિસેમ્બર માસમાં રાજયભરમાં રમાયેલ ખેલ મહાકુંભ ૨૦૧૩માં સે-૨૩ની સી.એમ. હાઈસ્કૂલના વિદ્યાર્થીઓએ ઉત્કૃષ્ઠ પ્રદર્શન કરી રૂપિયા સિત્તેર હજારના ઈનામો જીત્યા હતા. આ સ્પર્ધામાં સી.એમ. હાઈસ્કૂલના વિદ્યાર્થીઓએ ઝોન તેમજ જિલ્લા કક્ષાએ અનેક રમતોમાં ભાગ લીધો હતો. સી.એમ. હાઈસ્કૂલ વતી ટેકવોન્ડો રમતમાં ચિંતન વ્યાસે સમગ્ર જિલ્લામાં પ્રથમ સ્થાન મેળવી સૌથી વધુ ઈનામી રકમ રૂપિયા ૫૦૦૦ મેળવ્યા હતા જયારે અન્ય રમતોમાં પણ અનેક વિદ્યાર્થીઓએ રૂપિયા ૧૦૦૦થી લઈને રૂપિયા ૩૦૦૦ સુધીના ઈનામો મેળવ્યા હતા.

# નિમ્બસ એકેડેમી દ્વારા ઈન્ટરસ્કૂલ કૉમ્પીટીશન યોજાઈ







(તસવીર : કુંતલ નીમાવત)

ગાંધીનગર, તા.૩૦

નગરના સૅક્ટર-૨૧માં કાર્યરત નિમ્બસ ઍકેડેમી (અલોહા લર્નીંગ સેન્ટર) દ્વારા તાજેતરમાં ઈન્ટરસ્કૂલ કૉમ્પીટીશનનું આયોજન 'ચૅલેન્જ ૨૦૧૩' નામે કરવામાં આવ્યું હતું, જેમાં નગરની ૨૨ સ્કૂલ્સના ૪૫૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

રાજપૂત સમાજ ભવન, સૅક્ટર-૧૨ ખાતે આયોજિત શહેરની સૌથી મોટી એવી આ ઈવેન્ટમાં ગણિત, અંગ્રેજી, ચિત્રકામ તથા ગૃપ ડાન્સની સ્પર્ધાઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. સવારથી જ આરંભાયેલી આ ઈવેન્ટમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. ગણિતની સ્પર્ધામાં ૨૧૦, અંગ્રેજીની સ્પર્ધામાં ૨૧૫ અને ચિત્રકામની સ્પર્ધામાં ૧૫૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. એ પછી સૌને રસ પડે એવી ગૃપ ડાન્સની સ્પર્ધા યોજાઈ હતી, જેમાં ૧૩ ગૃપે ભાગ લીધો હતો. પરંપરાગત ઉપરાંત આધુનિક ગીતો ઉપર ડાન્સ પ્રસ્તુત કરીને વિદ્યાર્થીઓએ દર્શકોને મંત્રમુગ્ધ કરી દીધા હતા.

ભરચક્ક મેદની વચ્ચે યોજાયેલા ઇનામ વિતરણ સમારોહમાં કૅલ્કયુલેટર કરતાં પણ વધુ ઝડપથી દાખલાઓ ગણીને નિમ્બસ ઍકેડેમીના વિદ્યાર્થીઓએ પ્રેક્ષકોને અચંબામાં મૂકી દીધા હતા. ઍકેડેમીની રાજ્ય કક્ષાની સ્પર્ધામાં વિજેતા થયેલા વિદ્યાર્થીઓને ઇનામો અપાયા, માઉન્ટ કાર્મેલ સ્કૂલ પ્રથમ, સૅન્ટ ઝેવિયર્સ સ્કૂલને દ્વિતિય તથા ઍસ જી ઇંગ્લિશ મિડીયમ સ્કૂલને તૃતિય ક્રમે વિજેતા બન્યા. ઇનામ વિતરણ સમારોહનું સંચાલન કુંતલ નિમાવત દ્વારા કરવામાં આવ્યું હતું.

ચિત્રકામની સ્પર્ધાના નિર્ણાયક તરીકે ઉમેશભાઈ ભાટીયા અને ભાવેશભાઈ પટેલ તથા ગૃપ ડાન્સની કૉમ્પીટીશનમાં હેમા ભટ્ટ અને જયદીપ ઉપલાએ નિર્ણાયક તરીકે પોતાની સેવાઓ આપી હતી.

ઉલ્લેખનીય છે કે નિમ્બસ ઍકેડેમીમાં અત્યાર સુધીમાં બે હજારથી પણ વધુ વિદ્યાર્થીઓ અભ્યાસ કરી ચૂક્યા છે અને પોતાનાં શાળાકીય પરિણામોને ઉજજવળ બનાવી ચૂક્યા છે. નિમ્બસ ઍકેડેમી ખાતે પ્રાથમિક કક્ષાના વિદ્યાર્થીઓ માટે ગણિત, અંગ્રેજી તેમજ ઉચ્ચ કક્ષાના વિદ્યાર્થીઓ માટે સ્પીડ મેથ્સની પદ્ધતિસરની તાલીમ આપવામાં આવે છે, જેના કારણે ન માત્ર અભ્યાસમાં પરંતુ તમામ સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં પણ આગળ વધવાનું કૌશલ વિદ્યાર્થીઓ પ્રાપ્ત કરી શકે છે.

# ગાંધીનગર ખાતે ઈન્ડીયન ઈન્સ્ટીટયુટ ઓફ ટીચરનો યુથ ફેસ્ટીવલ આરંભાયો






ગાંધીનગર, તા.૩૦

ઈન્ડિયન ઈન્સ્ટીટયુટ ઓફ ટીચર એજયુકેશન, ગાંધીનગરના દ્રિતીય યુથ ફેસ્ટિવલ અને સ્પોર્ટસ મીટને ઉચ્ચ - ટેકનિકલ શિક્ષણ અને મહિલા-બાળ વિકાસ રાજય મંત્રી શ્રી વસુબેન ત્રિવેદીએ દીપ -ાગટ્ય કરી ખુલ્લો મુક્યો હતો.

આ -સંગે ઉચ્ચ - ટેકનિકલ શિક્ષણ અને મહિલા-બાળ વિકાસ રાજય મંત્રી શ્રી વસુબેન ત્રિવેદીએ જણાવ્યું હતું કે, યુવક મહોત્સવ અને સ્પોર્ટસ મીટ જેવા કાર્યક્રમ યુવાનોના જીવન ઘડતરમાં ઉપયોગી થાય છે. કોઈ પણ સ્પર્ધામાં હાર-જીત બન્નેમાંથી એક તો નક્કી છે, પણ રાજયના મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રમશે ગુજરાત, જીતશે ગુજરાતનું ઉમદા સૂત્ર આપ્યું છે. આ સૂત્રને અનુસરીને આપણે વિશ્વ કક્ષાએ ગુજરાતનું ગૌરવ વધારવાના આશયથી કોઈ પણ સ્પર્ધામાં ભાગ લેવો જોઈએ.

વધુમાં તેઓશ્રીએ જણાવ્યું હતું કે, બદલાતા સમય સાથે શિક્ષણ ક્ષેત્રે પણ રાજયમાં પરિવર્તન લાવવામાં આવ્યું છે. આજથી બાર વર્ષ પહેલા ગુજરાત રાજયમાં ૧૧ યુનિવર્સીટી જ કાર્યરત હતી. આજે ગુજરાતમાં વિવિધ શૈક્ષણિક ક્ષેત્રેની વિવિધ ૪૯ યુનિવર્સીટી કાર્યરત બની છે. ભવિષ્યના ભારતનું નિર્માણ અને આર્દશ ભારતના નિર્માણ માટે શિક્ષકોની જરૂરિયાત છે. આવા શિક્ષકોનું ઘડતર કરવા માટે આઈ.આઈ.ટી.ઈ જેવી સંસ્થા રાજયમાં શરૂ કરવામાં આવી છે. આ સંસ્થામાં આર્દશ શિક્ષકોમાં જે ગુણો હોવા જોઈએ તેનું ઘડતર કરવામાં આવી રહ્યું છે. પરંતુ ભારતીય સંસ્કૃતિ - પરંપરા અને વિદ્યાર્થીઓ સાથેનો વ્યવહાર જેવા ગુણોનો સ્વયંભુ વિકાસ કરવો પડશે. શિક્ષકો ચાલે તો પંથ બને, ગાડું ચાલે તો કેડી બને તવું કહી મંત્રીશ્રીએ કહ્યું હતું કે, રાષ્ટ્રના પરિવર્તન માટે શિક્ષકોએ પોતાનામાં પડેલ શક્તિને ઉજાગર કરવી પડશે.

કાર્યક્રમના આરંભે આઈ.આઈ.ટી.ઈના રજિસ્ટ્રાર શ્રી મધુસુદન મકવાણાએ મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કર્યુ હતું. વાઈસ ચાન્સલર શ્રી ડૉ. કલ્પેશ પાઠકે સંસ્થાનો ટુંકો પરિચય આપ્યો હતો. આ -સંગે વિદ્યાર્થીઓ દ્વારા બે સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરવામાં આવી હતી.

આ -સંગે આઈ.આઈ.ટી.ઈના આચાર્ય શ્રી મનોજ ઉપાઘ્યાય, પરીક્ષા નિયામક શ્રી ડૉ. પાંડે, એકેડમીક ઈન્ર્ચાજ ડૉ. શ્રી રવિરાજ ગુરા, કોર્મસ કોલેજના આચાર્ય શ્રી ડૉ. દેસાઈ સહિત સંસ્થાના -ોફેસરશ્રીઓ અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસથિત રહયાં હતાં.

## કડી સંકુલના શિક્ષકોએ બાયસેગમાં શૈક્ષણિક કાર્ય કર્યુ

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગરના સે. ૨૩ના કડી કેમ્પસની શાળાઓ આર.જી. કન્યા શાળા અને એસ.વી. પટેલ ઉચ્ચત્તર માધ્યમિક શાળાના વિજ્ઞાન પ્રવાહના શિક્ષકોએ સરકાર દ્વારા ચલાવવામાં ઓન એર શૈક્ષણિક કાર્યક્રમમાં ભાગ લીધો હતો. આ શિક્ષકોએ તા. ૨૮મી જાન્યુઆરીએ આ કાર્યક્રમ અંતર્ગત બાયસેગ સ્ટુડિયોમાં જઈ જુદા જુદા વિષયોનું સઘન શૈક્ષણિક કાર્ય કર્યુ હતું.

સરકાર દ્વારા આદિજાતિ શાળાઓના પછાત વર્ગ અને આદિવાસી વિસ્તારોના વિદ્યાર્થીઓ માટેનો શૈક્ષણિક કાર્યક્રમ અંતર્ગત ઓન એર શૈક્ષણિક કાર્યક્રમ હાથ ધરેલ છે. આ કાર્યક્રમ અંતર્ગત આર.જી. કન્યા શાળા અને એસ.બી. પટેલ ઉ.મા. શાળાના શિક્ષકોએ બાયસેગ સ્ટુડિયોમાં સઘન શૈક્ષણિક કાર્ય હાથ ધર્યુ હતું. જેમાં વિમલ પટેલે કેમેસ્ટ્રી વિષયમાં રાસાયણિક ગતિકી અને ઘન વ્યવસ્થા, શૈલેષ પટેલે ફિઝીક્સ વિષયમાં પરમાણુ અને ન્યુકિલયસ અને ગીતા પટેલે બાયોલોજીમાં માનવીમાં પ્રજજનન જેવા મુદ્દા શીખવ્યા હતા.

## સમર્પણ કોલેજ દ્વારા રાષ્ટ્રીય સેવા યોજના શિબિરનું આયોજન

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત સમર્પણ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ સેક્ટર-૮ ગાંધીનગર દ્વારા જૂના બોરીજ ગામ ખાતે રાષ્ટ્રીય સેવા યોજના શિબિર યોજવામાં આવશે.

ગુજરાત યુનિવર્સિટી અંતર્ગત રાષ્ટ્રીય સેવા યોજના (એન.એસ.એસ.) શિબિર દર વર્ષે યોજવામાં આવે છે. જેમાં શહેરના સે. ૮ સ્થિત સમર્પણ કોલેજ દ્વારા તા. ૭ ફેબ્રુઆરીથી ૧૩ ફેબ્રુઆરી દરમ્યાન જુના બોરીજ ખાતે શિબિર યોજવામાં આવશે.

શિબિરમાં અધ્યક્ષ તરીકે વિધાનસભા વિરોધ પક્ષના નેતા અને ટ્રસ્ટી શંકરસિંહજી વાઘેલા અને મુખ્ય મહેમાન તરીકે જાણીતા સાહિત્યકાર ડૉ. કિશોરસિંહ સોલંકીની ઉપસ્થિતિમાં ૮ ફેબ્રુઆરી સવારે ૧૦ કલાકે જુના બોરીજ પ્રાથમિક શાળા ખાતે શુભારંભ કરવામાં આવનાર છે.

શિબિર દરમ્યાન વિદ્યાર્થીઓ દ્વારા ગ્રામ દર્શન અને મુલાકાત, સામાજિક-આર્થિક સર્વેક્ષણ, સ્વાસ્થ્ય જાગૃતિ, પર્યાવરણ જાગૃતિ, કલા કૌશલ્યની તાલીમ, ભીંતસૂત્ર લેખન અને ખેડૂત સભા અને માર્ગદર્શન વિષય પર કાર્યક્રમ યોજવામાં આવશે. શિબિરનું સંચાલન આચાર્ય ડૉ. ઋચા બ્રહ્મભટ્ટ અને પ્રા. ઠાકોરભાઈ નાયક દ્વારા કરવામાં આવશે.

# ચાંદખેડા વિશ્વકર્મા સરકારી એન્જિનીયરીંગ કોલેજ ખાતે મહિલા સશક્તિકરણ અંગે સેમિનાર યોજાયો

અમદાવાદ, તા. ૩૦

ચાંદખેડા વિશ્વકર્મા સરકારી એન્જિનિયરીંગ કોલેજ ખાતે 'વિમેન એમ્પાવરમેન્ટ ઈમર્જીંગ ટેકનોલોજીસ આંતરપ્રિન્યોરશીપ ડેવલોપમેન્ટ એન્ડ લાઈફ મેનેજમેન્ટ સ્કીલ્સ' અંગે એક દિવસનો સેમિનાર યોજાયો હતો.

સેમિનારનું ઉદ્ઘાટન કરતા મહિલા અને બાળ વિકાસ રાજ્ય મંત્રી પ્રો. વસુબેન ત્રિવેદીએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકારે મહિલા સશક્તિકરણ માટે સર્વગ્રાહી પગલાં લઈ મહિલાઓના સર્વાંગી વિકાસ માટે નોંધપાત્ર કામગીરી કરી છે. બદલાતા વૈશ્વિક પ્રવાહો સાથે મહિલાઓએ પણ પરિવર્તન સાથે કદમ મિલાવી રાજ્ય અને રાષ્ટ્રની વિકાસ પ્રક્રિયામાં સહયોગી બનવું જોઈએ.

મુખ્યમંત્રીશ્રીના એક ભારત શ્રેષ્ઠ ભારતના નિર્માણમાં મહિલા જનભાગીદારી અમૂલ્ય છે. ગુજરાતને શ્રેષ્ઠ અને સશક્ત બનાવા માટે રાજ્ય સરકારે મહિલા અને બાળ કલ્યાણ માટે વિવિધ યોજનાઓ માટે વર્ષ-૨૦૧૩માં રૂ. ૨૩૯૧ કરોડના બજેટની ફાળવણી કરી છે. રાજ્યમાં ૭ મહિલા જી.આઈ.ડી.સી. ના પ્રારંભથી સ્ત્રી ઔદ્યોગિક સાહસિકતાને સરકારે પ્રોત્સાહન પુરૂ પાડ્યું છે. પરિશ્રમ અને ટેકનોલોજીના સહયોગથી લક્ષ્યને પ્રાપ્ત કરવા ધગશ કેળવવા મંત્રીશ્રીએ જણાવ્યું હતું.

એજ્યુકેશન એન્ડ રીસર્ચ ફાઉન્ડેશન આબુના કો-ઓર્ડિનેટર બ્રહ્માકુમારી શ્રી શૈલુબેને જણાવ્યું હતું કે, સમાજ નિર્માણની જવાબદારી સ્ત્રી પર છે. પૃથ્વી પર દરેક જીવનો ચોક્કસ હેતુ છે જેને આંતરિક શક્તિથી જાગૃત કરી વિકાસમાં ઉપયોગ કરવો જોઈએ.

કોલેજના આચાર્ય ડૉ. એ.એમ. પ્રભાકરે સેમિનારની ભૂમિકા આપતાં વિષમતાઓ વચ્ચે પણ કૌશલ્ય, ટેકનોલોજી અને ઉદ્યોગ સાહસિકતા કેળવી રાજ્ય સરકારના સૌનો સાથ સૌનો વિકાસના મંત્રને સાર્થક કરવા જણાવ્યું હતું. આ પ્રસંગે શહીદોને સ્મરણાંજલિ આપતા સૌએ બે મિનિટનું મૌન પાડ્યું હતું.

મીકેનિકલ વિભાગના હેડ ઓફ ડિપાર્ટમેન્ટ પ્રો. રૂપલબેન વ્યાસે આભારવિધિ કરી હતી. આ પ્રસંગે સંલગ્ન કોલેજો તેમજ વિવિધ વિદ્યાશાખાના પ્રોફેસરો, વિદ્યાર્થીઓ, બ્રહ્માકુમારિના મહાનુભાવો તેમજ અગ્રણી નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

## ચૌધરી મહિલા કોલેજમાં ગાંધી નિર્વાણ દિને વિદ્યાર્થીઓએ અનોખી શ્રધ્ધાંજલિ આપી

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગરના સેકટર-૭ સ્થિત શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજમાં આજે 'ગાંધી નિર્વાણ દિન' નિમિત્તે મહાત્મા ગાંધીના પ્રિય ભજનો અને ગાંધીજીના જીવનપ્રેરક પ્રસંગો પર વકતૃત્વનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીના નિર્વાણ દિને તેમને શ્રધ્ધાંજલિ અર્પવાના અને તેમના સત્ય અને અહિંસા વગેરે અંગેના મૂલ્યો વિદ્યાર્થીઓના જીવનમાં આત્મસાત થાય તેવા ઉમદા હેતુથી પી.કે. ચૌધરી મહિલા કોલેજમાં ગાંધી પ્રિય ભજનો અને વકતૃત્વનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં બરાબર ૧૧-૦૦ કલાકે મૌન પાળી ગાંધીજીને અંજલી આપવામાં આવી હતી. મહાત્મા ગાંધી વિશે તેમના જીવન પ્રેરક પ્રસંગો પર યોજવામાં આવેલ વકતૃત્વના કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ ખૂબ જ ઉત્સાહથી ભાગ લીધો હતો. અને રસપ્રદ વકતવ્યો રજૂ કર્યા હતા. આ દિવસે ગાંધીજીન પ્રિય એવા ભજનો પણ રજૂ કરાયા હતા જેની સુરાવલિઓમાં કાર્યક્રમમાં હાજર સૌ કોઈ રસ તરબોળ થઈ ગયા હતા.

## ગાંધીનગરના ફોટોગ્રાફર્સે જાણીતા વાઈલ્ડલાઈફ ફોટોગ્રાફર સાથે દિવસ વિતાવ્યો

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગરના જાણીતા ફોટોગ્રાફી ગ્રુપ 'બેર ફૂટ ફોટો વોકર્સએ' હાલ ચાલી રહેલા 'જોયેલું છતાં અજાણ્યું ગાંધીનગર' ફોટોગ્રાફી પ્રદર્શન દરમિયાન ભારતના સુપ્રસિદ્ધ વાઈલ્ડલાઈફ ફોટોગ્રાફર શ્રી સુધીર શિવરામ સાથે ફોટોગ્રાફીમાં રસ ધરાવતા તમામ સાથે વાર્તાલાપ યોજાયો હતો. તેમણે ૩૦ કરતા વધુ ફોટોગ્રાફી રસિકો સાથે ૨ કલાકથી વધુ સમય વિતાવ્યો. આ વાર્તાલાપ દરમિયાન તેમણે ફોટોગ્રાફીમાં ધ્યાન રાખવા જેવી નાનામાં નાની બાબતોથી લઈ વાઈલ્ડલાઈફ ફોટોગ્રાફી કરતી વખતે સૌથી વધુ ધ્યાનમાં રાખવાની બાબતો વિષે જાણકારી આપી હતી. આ ઉપરાંત તેઓએ પોતાના ફોટોગ્રાફસનો સ્લાઈડ શો બતાવી દરેક ફોટો પાછળની ખૂબીઓ અને રસપ્રદ વાતો પણ જણાવી હતી.



આખો વાર્તાલાપ શીખાઉ તથા અનુભવી ફોટોગ્રાફર્સને ધ્યાનમાં રાખી પ્લાન કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત શ્રી શિવરામે બેર ફૂટ ફોટો વોકર્સના હાલ ચાલી રહેલા ફોટો પ્રદર્શનને પણ ખૂબ બિરદાવ્યું હતું. આ સાથે બેર ફૂટ ફોટો વોકર્સના સભ્યશ્રી નિહાર મહેતાની વેબસાઈટ **www.niharmehta.in** નું લોન્ચ પણ શ્રી સુધીર શિવરામના હસ્તે કરાયું હતું.

આ પ્રસંગે ગાંધીનગરના જાણીતા ફોટોગ્રાફર અને ગ્રુપના પ્રણેતા આલોક બ્રહ્મભટ્ટે પોતાની ખુશી વ્યકત કરતા કહ્યું હતું કે, 'હવે આવા વધુને વધુ ફોટો વોક યોજાય સુધીર શિવરામના દર્જાના વિશ્વ વિખ્યાત ફોટોગ્રાફર્સ ગાંધીનગરની મુલાકાત લે તેવા પ્રયત્નો વધારી અહીં વસતા તમામ ફોટોગ્રાફી રસિકોને લાભ અપાવવાનો પ્રયત્ન કરીશું.'

બેર ફૂટ ફોટો વોકર્સ હવે ફેબ્રુઆરી ૨ થી ફોટોગ્રાફસનો નવો સેટ મુકશે. એજ થીમ 'જોયેલું છતાં અજાણ્યું ગાંધીનગર' ઉપર હવે માત્ર કુદરતી સૌદર્ય જ નહિ પરંતુ ગાંધીનગરનું જનજીવન, વિવિધ વિસ્તારો અને લોકોને દર્શાવતા ફોટોગ્રાફ મુકવામાં આવશે.

## ચૌધરી વિદ્યાલયની વિદ્યાર્થિનીઓએ વિવિધ સ્પર્ધામાં જીત મેળવી

ગાંધીનગર, તા. ૩૦

ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલયની વિદ્યાર્થિનીઓએ ટાટા બિલ્ડીંગ સ્પર્ધામાં ભાગ લઈ પ્રથમ, દ્વિતીય અને તૃતીય સ્થાન મેળવ્યું હતું. તેમજ સ્વામી વિવેકાનંદ નિબંધ સ્પર્ધામાં શાળાની વિદ્યાર્થિનીએ તૃતીય સ્થાન પ્રાપ્તકર્યુ હતું.



ખુશહાલ અને સમૃદ્ધ રાષ્ટ્ર વિષય પર યોજાયેલ સ્પર્ધામાં શાળાની ૩૦ વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો. જેમાં અપેક્ષા પટેલ પ્રથમ, વિધિ પરમાર દ્વિતિય અને અંજુ ભૂરિયાએ તૃતીય સ્થાન મેળવ્યું હતું.

તેમજ સ્વામી વિવેકાનંદ નેશનલ સમિટ અંતર્ગત નિબંધ સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં સ્વામી વિવેકાનંદના જીવન ચરિત્ર વિષયમાં રેખા આહિરે ત્રીજુ સ્થાન મેળવ્યું હતું.

યોજાયેલ બંને કાર્યક્રમોમાં શાળાનું ગૌરવ વધારતા શાળા પરિવાર દ્વારા વિજેતા વિદ્યાર્થિનીઓને અભિનંદન પાઠવ્યા હતા અને ઉત્તરોત્તર પ્રગતિ કરે તેવા આશીર્વાદ આપ્યા હતા.